**<u>નામદાર મજુર અદાલત નં.૩, સુરતના ન્યાયાધીશ શ્રી કે.જી.પટેલ સમક્ષ.</u>**

**ટી. અરજી નં.૧૨૮/૨૦૧૬**
**આંક–૩૫**

**અરજદાર : રમેશભાઈ પુજાભાઈ પટેલ**

રહે. ઘર નં.૪૦૨, મીલેનીયમ પાર્ક, સાયણ રોડ,
અમરોલી સુરત.
C/o. દક્ષિણ ગુજરાત કામદાર એસોસીએશન
ઠે. નવસારી બજાર, બંબાગેટની સામે, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા : વ્યવસ્થાપકશ્રી/ પ્રોપરાઈટરશ્રી,**

ગજેરા ટેક્ષટાઈલ્સ (જુનુ નામ) (સંસ્થા બંધ કરેલ છે)
સાંઈ જયોતિ ક્રિએશન (નવુ નામ)
ઠે. ખાતા નં.૧૧ થી ૧૪ અંજલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
વિભાગ–૩, મોટી નહેર પાસે, મંદબુધ્ધિ આશ્રમની
બાજુમાં, સાયણ –ગોથાણ , તા.ઓલપાડ, જી.સુરત.

**પ્રતિનિધિત્વ :**

અરજદાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી ઉર્મીલાબેન રાણા.

સામાવાળા તરફે : વિ.વ.શ્રી મો. આસીફ આઈ. શેખ

**વિષય : <u>બી.આઈ.આર. એકટ,૧૯૪૬ ની કલમ–૪૬ સાથે વાંચતા કલમ– ૭૮, ૭૯ મુજબ</u>**

**–:હુકમ:–**

(૧) આ કામના અરજદારે સામાવાળા વિરુધ્ધ બી.આઈ.આર. એકટની કલમ–૪૬ સાથે વાંચતા કલમ–૭૮, ૭૯ મુજબ અરજી દાખલ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, સામાવાળા સંસ્થામાં મોટા પાયે કાપડ વણાટનો ઉધ્ધોગ ચાલે છે અને તેની ઉત્પાદનની પ્રક્રિયામાં

આશરે ૨૦ થી વધુ કામદારો કામ અર્થે રોકવામાં આવે છે. જેમાં અરજદાર ૧૮ વર્ષથી વિવિંગ ખાતામાં ટાંકા એક કરનાર તથા સાફ કરનાર તરીકે માસિક રૂા.૧૦,૦૦૦/– થી પ્રમાણીકપણે નોકરી કરતા આવેલા. અરજદારના કામ બાબતે કયારે પણ સામાવાળા તરફથી કોઈપણ પ્રકારની નોટીસ, ઠપકો કે ચેતવણી મળેલ નથી. આમ, અરજદારની નોકરીનો તમામ સમય સંપૂર્ણ નિષ્કલંક અને ચોખ્ખો રહયો છે. અરજદારે તેમની નોકરીના પ્રત્યેક્ષ વર્ષમાં ૨૪૦ દિવસોથી વધુ દિવસ નોકરી કરેલ છે. સામાવાળા પહેલા ગજેરા ટેક્ષટાઈલ્સના નામથી ખાતા નં.૧૪ થી ૨૦ લક્ષ્મી ટાઈલ્સ કમ્પાઉન્ડ, સાગર ડાઈંગની ગલીમાં, એ.કે.રોડ, સુરત ખાતે ખાતુ ચલાવતા હતા. જયાં તેઓએ ૧૭ વર્ષ નોકરી કરેલ અને ત્યારબાદ સામાવાળાએ તે સ્થળે ખાતુ બંધ કરી સાંઈ જયોતિ ક્રિએશનના નામથી ખાતા નં.૧૧ થી ૧૪ અંજલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ–૩, મોટી નહેર પાસે, મંદબુધ્ધિ આશ્રમની બાજુમાં, સાયણ–ગોથાણા, તા.ઓલપાડ, જી.સુરત ખાતે શરૂ કરેલ અને અરજદારે છેલ્લા દોઢ વર્ષથી ત્યાં કામ કરેલ છે. આમ, અરજદારે સામવાળા સંસ્થામાં ૧૮ વર્ષ નોકરી કરેલ છે. અરજદારને પગારની ચુકવણી અને કામની સોંપણી સંસ્થાના મુખ્ય માલિક/ વહીવટકર્તા/ભાગીદારશ્રી અશ્વીનભાઈ તથા અશોકભાઈ કરતા આવેલ. સામાવાળા સંસ્થામાં મોટા પાયે કાપડ વણાટનો ઉદ્યોગ ચાલે છે અને સામાવાળા સંસ્થાને બી.આઈ.આર.એકટ, ફેકટરી એકટ, મીનીમમ વેજીસ એકટ, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, બોનસ ધારો, પી.એફ. એકટ, ઈ.એસ.આઈ. એકટ વિગેરે તમામ મજુર કાયદાઓ કાયદેસર રીતે લાગુ પડે છે. જેનો અમલ કરવાની સામાવાળાની નૈતિક ફરજ તથા જવાબદારી છે. છતાં સામાવળાએ આજદીન સુધી

અરજદારને નિમણુંકપત્ર, હાજરીકાર્ડ, પગારચીઠી, ઓળખપત્રો આપતા નહી તથા વાર્ષિક મળવાપાત્ર હકકરજાના નાણાં આપતા નહી કે તેનું નાણામાં રૂપાંતર કરી આપતા ન હતા તથા બોનસ નહી આપીને મજુર કાયદાઓનો ભંગ કરેલ છે. નોકરીની શરૂઆતથી નોકરીના અંત સુધી ૧૨–૧૨ કલાક કામ લઈ વધુ ચાર કલાક ઓવરટાઈમના નાણાં પણ ચુકવતા ન હતા. અરજદારને પગાર આપતી વખતે પગારપત્રકમાં સહી કરાવી પગાર ચુકવતા હતા અને જાહેરમાં દેખાઈ તે રીતે સાઈનબોર્ડ લગાડતા નથી અને આમ અરજદારે મજુર કાયદા અન્વયે મળવાપાત્ર સાહિત્યો અને લાભોની માંગણી કરતા સામાવાળા અરજદાર કામદારને હેરાન–પરેશાન કરતા આવેલ. અરજદારે સામાવાળા પાસે મજુર કાયદા અન્વયે મળવાપાત્ર સાહીત્યો અને ન્યાયી હકકોની માંગણી કરતા સામાવાળાએ અરજદારને તા.૦૩/૦૨/૨૦૧૬ ના રોજ છુટા કરેલ. ત્યારબાદ અરજદારે સક્ષમ ઓથોરીટીને ફરિયાદ આપતા સામાવાળાએ અરજદારને રૂબરૂ બોલાવી ૧૫ દિવસ પછી નોકરીએ રાખેલ અને ત્યારબાદ અરજદારે તેમની ફરજ ખંત અને નિષ્ઠા પુર્વક બજાવેલ અને ત્યારબાદ થોડા સમય પછી અરજદારે ફરીથી સામાવાળા પાસે મળવાપાત્ર સાહીત્યો અને ન્યાયી હકકોની માંગણી કરતા સામાવાળાએ અરજદારને કોઈપણ જાતની નોટીસ ઓફ ચેઈન્જ આપ્યા વિના કે ખાતાકીય તપાસ કર્યા વગર કે બચાવની તક આપ્યા વગર એકાએક મનસ્વી રીતે મૌખિક હુકમથી કોઈપણ જાતના વાજબી કારણ વગર તથા છટણી વળતર ચુકવ્યા વગર તા.૨૬/૦૫/૨૦૧૬ના રોજ એપ્રિલ–મે–૨૦૧૬ (બે માસ) નો બાકી પગાર ચુકવ્યા વગર સંસ્થાના મુખ્ય માલિક/વહીવટકર્તા/ ભાગીદારશ્રી અશ્વીનભાઈ અને અશોકભાઈએ અરજદારને જુની અને

સળંગ નોકરીમાંથી છુટા કરી દીધા છે. જે સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી, મનસ્વી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે. અરજદારને છુટા કર્યા બાદ અરજદાર વારંવાર તેમની ફરજના સમયે સામાવાળા સંસ્થામાં નોકરીએ હાજર થવા જતા પરંતુ અરજદારને સંસ્થામાં દાખલ ન થવા દઈ તેમને ફરજ પર હાજર થવા દેતા ન હતા. અરજદાર કામદારને નોકરીમાંથી કાઢી મુકતા પહેલા કહેવાતી ગેરવર્તણુંક બદલ કારણદર્શક નોટીસ કે તહોમતનામું સામાવાળા તરફથી આપવામાં આવેલ નથી કે કોઈ ખાતાકીય તપાસ પણ કરવામાં આવેલ નથી. જે સંજોગોમાં અરજદારને સામાવાળાએ સ્થાયી હુકમોમાં જણાવેલ કોઈ કાર્યવાહી કર્યા સિવાય નોકરીમાંથી કાઢી મુકવાનું પગલું બી.આર.આઈ. એકટ હેઠળના પરિશિષ્ટ–ર ની ઔદ્યોગિક બાબત હોય તેમાં તેમાં ફેરફાર કરતા પહેલા સામાવાળાએ કલમ–૪ર(૧) મુજબની કોઈ ફેરફારની નોટીસ આપેલ ન હતી કે તેમાં જણાવેલ કાર્યવાહી કરેલ ન હોય સામાવાળાનું કૃત્ય કલમ–૪૬ હેઠળ ગેરકાયદેસર ફેરફારનું કૃત્ય છે. તેના પરિણામે અરજદારને દરરોજ સીધી અને પ્રત્યક્ષ નુકશાન થઈ રહેલ છે. જેથી સામાવાળાનું ગેરકાયદેસર ફેરફારનું કૃત્ય પરત ખેંચી લેવા પણ હાલની અરજી કરવી પડેલ છે. અરજદારને નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરવા તે અંગે પર ફેરવિચારણા કરવા બી. આઈ. આર. એકટની કલમ–૪ર(૪) નિયમ–પ૩ હેઠળ રજી.એડી. પોસ્ટથી વિનંતીપત્ર તા.૦૭/૯/ર૦૧૬ ના રોજ મોકલાવેલ. તેમ છતાં તેનું પાલન કરેલ ન હોય કે તેનો કોઈ જવાબ પણ આપેલ ન હોય જેથી પણ આ અરજી કરવાની ફરજ પડેલ છે. તેમ જણાવી સામાવાળા અરજદારને ચાલુ અને સળંગ નોકરીમાંથી મૌખિક હુકમ આપી તા.ર૬/૦પ/ર૦૧૬ ના રોજ નોકરીમાંથી છુટા

કરેલ તે સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી તથા વહીવટહુકમના વિરૂઘ્ધ છે એવું ઠરાવવા તેમજ સામાવાળા અરજદારને ચાલુ સળંગ નોકરીમાં મુળ જગ્યાએ પડેલા દિવસોનો પગાર ભરપાઈ કરી આપી તથા મજુર કાયદાઓ અન્વયે મળવપાત્ર સાહીત્યોના સાતત્ય સાથે તથા આનુષંગીક લાભો સહીત નોકરીમાં પુન: સ્થાપિત કરે તેઓ હુકમ ફરમાવવા તેમજ અરજદારને સ્થાયી હુકમમાં જણાવેલ કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય સામાવાળાએ નોકરીમાંથી કાઢી મુકેલ હોય, અને તે પહેલા બી.આર.એકટ-૧૯૪૬ની કલમ-૪૨(૧) મુજબ કોઈ ફેરફારની નોટીસ આપેલ ન હોય કે તેમાં જણાવેલ કાર્યવાહી સામાવાળાએ કરેલ ન હોય સામવાળાને તે કૃત્યને કલમ-૪૬ મુજબ ગેરકાયદેસર હોવાનું ઠરાવવા અને તે પરત ખેંચી લેવા તથા તે કારણે અરજદારને થયેલ આર્થિક નુકશાનનું વળતર ચુકવી આપવા હુકમ ફરમાવવા તેમજ આ અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૨) આ કામનું રેકર્ડ જોતાં સદર કામે આંક-૧૫ થી તા.૨૧/૦૪/૨૦૨૨ના રોજ સામાવાળાની ગેરહાજરીમાં એકતરફી હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના સામાવાળાએ બી.આઈ.આર. ફરી ફાઈલ અરજી નં.૩/૨૦૨૨ થી દાખલ કરતા જે અરજીના કામે કરવામાં આવેલ હુકમ મુજબ સદર કામ ફરીથી ગુણદોષ પર ચલાવવાનો હુકમ કરી સદર કામ રીસ્ટોર કરવામાં આવેલ છે.

(૩) આ કામે સદરહુ ટી.અરજી રીસ્ટોર થયા બાદ સામાવાળા તરફે આંક-૨૪ થી જવાબ રજુ કરેલ છે જેમાં અરજદારે કરેલ આંક-૧ ની અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને સાચી હકીકતમાં જણાવેલ છે કે,અરજદાર રમેશભાઈ પુજાભાઈ પટેલને સામાવાળાએ નોકરી પર

રાખેલ નથી કે અરજદાર સામાવાળાના ત્યાં કામગીરી કરતા ન હતા. ગજેરા ટેક્ષટાઈલ્સ જુનુ નામ જે ટાઈટલ અને અરજીમાં કરેલ છે તેની સાથે સામાવાળા સાંઈ જયોત ક્રિએશનને કોઈ નિસબત નથી. સાંઈ જયોતિ ક્રિએશન(નવું નામ)નો ઉલ્લેખ અરજીના ટાઈટલમાં ખોટી રીતે કરવામાં આવેલ છે. ખરેખર સાંઈ જયોત ક્રિએશન નામની સંસ્થા ધરાવે છે. આમ, સામાવાળાને ખોટી રીતે હાલના કેસમાં જોડવામાં આવેલ છે. અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર– માલીકનો સંબંધ હતો નહી. જેથી અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ તા.૦૩/૦૨/૨૦૧૬ કે તા.૨૬/૦૫/૨૦૧૬ ના રોજથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે રૂા.૧૦,૦૦૦/–પગાર ચુકવવાનો કે નોકરી પર રાખેલ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો અરજદાર એમ જણાવતા હોય કે ટાંકા ચેક કરનાર તથા સાફ કરનાર તરીકેની કામગીરી કરતા હતા તો તે હકીકત પણ ખોટી છે. સદરહુ કામગીરી માટે સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને કયારે પણ સામાવાળાના મસ્ટર રોલ ઉપર રાખેલ નથી. જેથી અરજદારે નામદાર કોર્ટ સમક્ષ ખોટી હકીકતો દર્શાવી સામાવાળા વિરૂધ્ધ કરેલ હોય અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે અને અરજદારે સામાવાળા વિરૂધ્ધ ખોટી રીતે નાણાં પડાવવા હાલનો કેસ કરેલ છે. જે સાચી હકીકત ધ્યાનમાં લઈ અરજદારની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: <u>અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવો</u> :–**

| અ.નં. | મૌખિક પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | અરજદાર રમેશભાઈ પુજાભાઈ પટેલની એફીડેવીટ પર જુબાની | આંક–૯ |

**–: <u>અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | સામાવાળાને નોકરીમાં પુન:સ્થાપીત કરવા મોકલેલ નોટીસની અસલ નકલ. | નિ.૩/૧ |
| ૨. | સામાવાળાને સદર પત્ર રજી.પો.એડી મોકલાવેલ તે પોસ્ટની અસલ પાવતી. | નિ.૩/૨ |
| ૩. | મે.સરકારી મજુર અધિકારીશ્રીને આપેલ ફરિયાદની અસલ નકલ. | નિ.૩/૩ |
| ૪. | મે. ગુમાસ્તા ધારા નિરિક્ષકશ્રીને આપેલ ફરિયાદની અસલ નકલ. | નિ.૩/૪ |
| ૫. | મે. ફેકટરી ઈન્સ્પેકટરશ્રીને આપેલ ફરિયાદની નકલ. | નિ.૩/૫ |

(૫) સદર કામ રીસ્ટોર થયા બાદ અરજદાર હાજર રહેતા ન હોઈ અને સામાવાળાનો જવાબ રજુ થયા બાદ પુરાવો રજુ કરતા ન હોઈ આંક–૧ લગત હુકમ કરી અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે સામાવાળા તરફે આંક–૩૩ થી સામાવાળા પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૭) આ કામે અરજદાર તરફે દલીલ કરવામાં આવતી ન હોય અરજદારની દલીલનો હકક બંધ કરવા સામાવાળા તરફે આંક–૩૪ થી અરજી આપતા જે અરજી લગત હુકમ કરી અરજદારની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) આ કામે સામાવાળા તરફે વિ.વ.શ્રીનાઓની તેઓના લેખિત જવાબ

મુજબની મુખ્યત્વે દલીલો કરેલ છે અને અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

(૯) ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં મારી સમક્ષ હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

| | |
|---|---|
| ૧. | શું આ કામના અરજદારને સામાવાળાએ તા.૨૬/૦૫/૨૦૧૬ નારોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ? |
| ૨. | શું અરજદાર ચાલુ અને સળંગ નોકરીમાં મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત તેમજ આનુષાંગિક લાભો સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે? |
| ૩. | શું હુકમ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**:: નિર્ણયો ::**

| | |
|---|---|
| ૧. | નકારમાં. |
| ૨. | નકારમાં. |
| ૩. | આખરી હુકમ મુજબ. |

(૧૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબના છે.

**:: કારણો ::**

**(૧૨) મુદ્દા નં.૧ અને ૨ :–**

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તનનો

દોષ ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

આ કામે અરજદારે તેઓની અરજીમાં તેઓ ૧૮ વર્ષથી વિવિંગ ખાતામાં ટાંકા ચેક કરનાર તથા સાફ કરનાર તરીકે માસિક રૂા.૧૦,૦૦૦/–ના પગારથી પ્રમાણીકપણે નોકરી કરતા હોવાનું તેમજ તેઓએ સામાવાળા પાસે મજુર કાયદા અન્વયે મળવાપાત્ર સાહીત્યો અને ન્યાયી હકકોની માંગણી કરતા સામાવાળાએ તેઓને તા.૦૩/૦૨/૨૦૧૬ ના રોજ છુટા કરેલ, ત્યારબાદ તેઓએ સક્ષમ ઓથોરીટીને ફરીયાદ આપતા સામાવાળાએ અરજદારને રૂબરૂ બોલાવી ૧૫ દિવસ પછી નોકરીએ રાખેલ અને ત્યારબાદ તેઓએ તેમની ફરજ ખંત અને નિષ્ઠાપુર્વક બજાવેલ અને ત્યારબાદ થોડા સમય પછી અરજદારે ફરીથી સામાવાળા પાસે મળવાપાત્ર સાહીત્યો અને ન્યાયી હકકોની માંગણી કરતા સામાવાળાએ અરજદારને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ ઓફ ચેઈન્જ આપ્યા વિના કે ખાતાકીય તપાસ કર્યા વગર કે બચાવની તક આપ્યા વગર એકાએક મનસ્વી રીતે મૌખિક હુકમથી કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર તથા છટણી વળતર ચુકવ્યા વગર તા.૨૬/૦૫/૨૦૧૬ના રોજ એપ્રિલ–મે–૨૦૧૬ (બે માસ)નો બાકી પગાર ચુકવ્યા વગર તા.૨૬/૦૫/૨૦૧૬ ના રોજ મુખ્ય માલિક/વહીવટકર્તા/ભાગીદારશ્રી અશ્વીનભાઈ અને અશોકભાઈએ જુની અને સળંગ નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાનું તેમજ અરજદારે સામાવાળાને નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરવા તે અંગે ફેરવિચારણા કરવા બી.આઈ.આર. એકટની કલમ–૪૨ નિયમ ૫૩ હેઠળ રજી.એડી.પોસ્ટથી વિનંતીપત્ર તા.૦૭/૦૯/૨૦૧૬ નારોજ

મોકલાવેલ તેમ છતાં તેનું પાલન કરેલ ન હોય કે કોઈ જવાબ આપેલ પણ આપેલ ન હોવાનું જણાવેલ છે.

જયારે આ કામે સામાવાળાએ તેઓના લેખિત જવાબમાં એવો બચાવ લીધેલ છે કે, અરજદારને સામાવાળાએ નોકરી પર રાખેલ નથી કે અરજદાર સામાવાળાને ત્યાં કામગીરી કરતા ન હતા. ગજેરા ટેક્ષટાઈલ જુનુ નામ જે ટાઈટલ અને અરજીમાં કરેલ છે તેની સાથે સામાવાળા સાંઈ ક્રિએશનને કોઈ નિસબત નથી. તેમજ અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકનો સંબંધ હતો નહી. જેથી અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ તા.૦૩/૦૨/૨૦૧૬ કે તા.૨૬/૦૫/૨૦૧૬ ના રોજથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ સામાવાળા સંસ્થાને તા.૦૭/૦૯/૨૦૧૬ નો વિનંતી પત્ર મળેલ નથી જેથી તેનો જવાબ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ કામે બંને પક્ષકારો તરફેની ઉપરોકત તકરારને ઘ્યાને લઈ જોવામાં આવે તો આ કામે અરજદારે સદર કેસ રીસ્ટોર થયા બાદ હાજર રહી કોઈ પુરાવો રજુ કરેલ નથી અને અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે સદર કામ રીસ્ટોર થયા પહેલા અરજદાર તરફે આંક–૯ થી તેઓની અરજીના સમર્થનમાં એફીડેવીટ પર જુબાની રજુ કરેલ છે, પરંતુ સદર કામ રીસ્ટોર થયા બાદ અરજદાર ઉલટતપાસ માટે હાજર રહેલ નથી અને સામાવાળાને ઉલટતપાસ કરી એફીડેવીટ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોનું ખંડન કરવાની તક આપેલ નથી અને આંક–૧ લગત હુકમ કરી અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફે હાજર થઈ પોતાનો પુરાવાનો હકક ખોલાવેલ હોય કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોય કે સામાવાળાને ઉલટતપાસ કરવાની તક આપેલ હોય તેવું

રેકર્ડ જોતાં જણાતું નથી. તે સંજોગોમાં ઉલટતપાસ રહીત અરજદારના પુરાવાના સોગંદનામાનું કાયદા મુજબ પુરાવાકીય મુલ્ય રહેતું નથી. આમ અરજદારે તેઓની અરજીની હકીકતો પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી. તેમજ સામાવાળાએ તેઓના લેખિત જવાબમાં લીધેલ બચાવની હકીકતોનું ખંડન કરવા માટે સદર કામ રીસ્ટોર થયા બાદ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. અરજદારે આ કામે સામાવાળાને નોકરીમાં પુન:સ્થાપિત કરવા આપેલ વિનંતીપત્રની નકલ રજુ કરેલ છે, પરંતુ તે વિનંતીપત્ર સામાવાળાને મળેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાતું નથી. તે સંજોગોમાં અરજદાર બી.આઈ.આર એકટની કલમ–૪૨(૪) સાથે વાંચતા નિયમ–૫૩(૧) મુજબ વિનંતીપત્ર સામાવાળાને મોકલાવેલ હોય અને જે સામાવાળાને મળેલ હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ અરજદાર ધ્વારા કાયદામાં સુચવેલ આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ હોય તેવું પુરાવાના અભાવે માની શકાય તેમ નથી. આમ, અરજદારે હાલની ટી.અરજી રીસ્ટોર થયા બાદ હાજર રહી કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ અગાઉ અરજદારે જે પુરાવો રજુ કરેલ હતો તે ધ્યાને લઈ શકાય નહી. તે સંજોગોમાં અરજદાર સામાવાળાની સંસ્થામાં ૧૮ વર્ષથી વિવિંગ ખાતામાં ટાંકા એક કરનાર તથા સાફ કરનાર તરીકે માસિક રૂા.૧૦,૦૦૦/–ના પગારથી નોકરી કરતા આવેલ હોવાનું તેમજ સામાવાળાએ તેઓને તા.૨૬/૦૫/૨૦૧૬ના રોજ મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. આમ, અરજદાર તેઓને સામાવાળાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ અરજદાર અસલ જગ્યાએ પડેલા

દિવસોના પગાર સહીત તેમજ આનુસાંગિક લાભો સહીત નોકરી પર પુન:સ્થાપિત થવા હકકદાર થતા નથી. જેથી **મુદ્દા નં.૧** અને **મુદ્દા નં.૨**નો જવાબ ''**નકારમાં**'' આપવામાં આવે છે અને મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

**૧.** અરજદારની હાલની ટી.અરજી નં.૧૨૮/૨૦૧૬ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ–૩૦ મી માહે–માર્ચ સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
ન્યાયાધીશ,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No. GJ01285